# ગીતા મહાત્મ્ય

શ્રીમદ્ ભગવદ્ ગીતા એ જીવનના સત્યને સમજાવતો ગ્રંથ છે.અંધકારમય જીવનના જીવનપથને જ્ઞાનદીપના પ્રકાશથી પ્રજ્વલિત કરી સન્માર્ગે લઈ જાય છે.જીવનને કેમ ગીત ગાતું કરવું એ ગીતા ગાતા ગાતા શીખી શકાય તેમ છે.

ગીતામાં જ્ઞાન અને વિજ્ઞાન સિવાય કોઈ ધાર્મિક માન્યતા, રૂઢિચુસ્તતા, સંપ્રદાયવાદ કે જ્ઞાતિજાતિના ભેદભાવ કરવામાં આવેલ નથી.આ ગ્રંથમાં જીવન સાથે સંબંધિત વિજ્ઞાનનું પરિપૂર્ણ દર્શન પ્રાપ્ત થાય છે.તેથી જ તો અલ્બર્ટ આઈનસ્ટાઈન અને ઓપન હિમર જેવા વૈજ્ઞાનિકો પણ આ ગ્રંથ વાચતા રહ્યા છે.નાસા તરફથી અંતરિક્ષ યાત્રાએ જતી વેળાએ આપણા દેશની દીકરી વૈજ્ઞાનિક સુનિતા વિલિયમ આ ગ્રંથને સાથેલઈ ગઈ હતી.ભગવદ્ગીતામાં મનોવિજ્ઞાન, યૌગિક વિજ્ઞાન, અધ્યાત્મ વિજ્ઞાન, જીવવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન સહિતના મુખ્ય વિજ્ઞાનના વિષયોની ગૂઢ રહસ્યમય સમજણ આપવામાં આવી છે.

ગાંધીજી પોતાની સમસ્યાઓનું સમાધાન ગીતામાંથી શોધતા અને મેળવતા. ભગવદ્ગીતા પર શંકરાચાર્ય, રામાનુજાચાર્ય અને માધવાચાર્ય જેવા ધર્માચાર્યોએ ટીકા લખી છે. એટલું જ નહીં, આ ગ્રંથ ઉપર લોકમાન્યતિલક વિનોબા ભાવે, ડૉ.રાધાક્રિષ્નન, આચાર્ય રજનીશ, પાંડુરંગ આઠવલેજી, સ્વામિ પ્રભુપાદ, સ્વામિ રામસુખદાસ જેવા અનેકોનેક વિદ્વાનોએ

પોતાના ભાવ પ્રદર્શિત કર્યા છે.

આજે બિઝનેસ કૉન્ફરન્સમાં પણ ભગવદ્‌ગીતાની વાતો થાય છે.ભારતના વડાપ્રધાન બીજા દેશોના વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓને આ ગ્રંથ ભેટ રૂપે આપતા રહ્યા છે. ભગવદ્‌ગીતા દરેકને ઉપયોગી થાય તેમ છે.કારણ કે ભગવદ્‌ગીતામાં જીવનને લગતા તમામ પ્રશ્નોને અર્જુનના નિમિત્તે આવરી લેવાયા છે.આ ગ્રંથમાંથી સંસારી પણ યોગ્ય માર્ગદર્શન મેળવે છે તો વૈરાગી પણ મેળવે છે.વિદ્યાર્થીઓ પણ પોતાનું ભાથું ભરી શકે તેમ છે અને ધંધાર્થીઓ પણ. નિવૃત્ત જીવન ગાળનારા પણ કંઈક મેળવે છે.તો પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહેનાર પણ.બૌધિકોને પણ વાંચવા યોગ્ય છે અને શ્રધ્ધાળુને પણ. દરેકને આ ગ્રંથમાંથી પોતાને યોગ્ય હોય તેવું કંઈકનું કંઈક મળી રહે છે.આ ગ્રંથ માત્ર મૃત્યુ પછી જવંચાતો ગ્રંથ નહીં પણ જીવતે જીવ વાંચવા અને સમજવા યોગ્ય ગ્રંથ છે.

આ ગ્રંથ કોઈ આગ્રહભર્યા ઉપદેશ કે જબરજસ્તી લાદીને વાત કરતો ગ્રંથ નથી. અઢાર અધ્યાયમાં એક મિત્રે બીજા મિત્રને કરેલી વાત છે. જેથી અંતમાં '' વિમૃસ્ય તદ અશોષેણ યથેચ્છસી તથા કુરુ '' જેવા શબ્દો સાથે વાતને માનવા અને ન માનવા માટેનું બંધન પણ નથી રાખ્યું.ક્યાંય ભગવાન શ્રી કૃષ્ણે પોતાનો હઠાગ્રહ નથી બાંધ્યો કે ફરજિયાતપણું નથી લાધ્યું.એ રીતે મુક્તપણાને યથાયોગ્ય રીતે જાળવીને સત્યનો માર્ગ દર્શાવતો આ ગ્રંથ છે.

ગ્રંથના અંતમાં ખુદ ભગવાન શ્રીકૃષ્ણે એવા આશીર્વાદ

આપ્યા છે કે ગીતાનું પઠન, પાઠન, અભ્યાસ અને વાર્તાલાપ કરનારને અન્ય કોઈ દેવસેવા કે પૂજા ઉપાસના કરવાની પણ જરૂરિયાત રહેતી નથી.કારણ કે માત્ર ગીતાના ગાનથી જ તે પરમ પુરૂષ ઈશ્વરની પૂજા અર્ચના થઈ જાય છે.ભગવદ્ગીતાના અંતિમ ઉચ્ચારણો વખતે અઢારમાં અધ્યાયના અડસઠમાં શ્લોકથી લઈને ઈકોતેરમાં શ્લોક સુધી આશીર્વાદ આપતા ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જે કોઈ આ પરમ ગુહ્ય વાતોને સદ્ભક્તો સમક્ષ કહેશે તેણે મારી પરમ ભક્તિ સેવી ગણાશે અને તે મારા પરમાત્મ સ્વરૂપને પામે છે.તેમા કોઈ સંશય નથી.આ ગ્રંથને કહેનાર, ગાનાર અને અભ્યાસ કરનારથી વધુ મારું પ્રિય કરે તેવું અન્ય કંઈ નથી અને ભવિષ્યે થશે પણ નહીં.ભગવદ્ગીતાના પઠન,પાઠન,અભ્યાસ અને વાર્તાલાપ અને ગાનથી જ એ પરમ પુરુષ ઈશ્વરની જ્ઞાન યજ્ઞથી પૂજા થઈ જાય છે.એને શ્રધ્ધાપૂર્વક સાંભળનારો પણ શુભ ગતિને પ્રાપ્ત થાય છે.

ય ઈદં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।
ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશયઃ ॥ ૧૮/૬૮
ન ચ તસ્માન્મનુષ્યેષુ કશ્ચિન્મે પ્રિયકૃતમઃ ।
ભવિતા ન ચ મે તસ્માદન્યઃ પ્રિયતરો ભુવિઃ ॥ ૧૮/૬૯
અધ્યેષ્યતે ચ ય ઈમં ધર્મ્યં સંવાદ માવયોઃ ।
જ્ઞાન યજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ॥ ૧૮/૭૦
શ્રધ્ધાવાનન સૂયશ્ચ શૃણુયાદપિ યો નરઃ ।
સોડપિ મુક્તઃ શભાંલ્લોકાન્પ્રાપ્નુયાત્પુણ્ય કર્મણામ્ ॥ ૧૮/૭૧

## ગીતા પાઠશાળા સંસ્થાન – ગઢડા (સ્વા.) નો

# સંક્ષિપ્ત પરિચય

ગઢડા કેળવણી સમાજના પ્રમુખ અને ભગવદ્‌ગીતાના મર્મજ્ઞ એવા સંજયભાઈ ઠાકરની પ્રેરણાથી વર્ષ ૨૦૦૪ ના માગશર સુદ – અગિયારસ ના રોજ ગીતા જયંતીના શુભ દિને કં.ર.વિ.ગો.કન્યાવિદ્યાલય ખાતે પાઠશાળાનો વિધિવત પ્રારંભ થયો.શાળામાં આ પાઠશાળા પ્રવૃત્તિને સંભાળવામાં મધુબેન વિઠ્ઠાણી, ભૂપતભાઈ લાઠીગરા, મનીષભાઈ રાજયગુરૂ, હંસાબેન ભિંગરાડીયા, હેમાલીબેન મકવાણા સહિતના અનેક શિક્ષકોએ અથાગ અને અવિરત પ્રયાસ કર્યો.જે આજપર્યંત કાર્યરત છે.

શાળામાં આશરે સાતસો વિદ્યાર્થિનીઓ સ્વેચ્છાએ ઉત્સાહભેર પાઠશાળામાં ભાગ લે છે.જેમાં દર શનિવારે એક કલાક માટે પાઠશાળા ચાલે છે.પાઠશાળા અંતર્ગત ગીતાજીના નક્કી કરવામાં આવેલા શ્લોકનું ગાન,શ્લોકના અર્થનું પઠન અને વાર્તાલાપ કરવામાં આવે છે. સંજયભાઈ દ્વારા શ્લોકના ગૂઢાર્થો વિદ્યાર્થીઓને સમજણ પડે તેવી અને રસપ્રદ શૈલીમાં પીરસવામાં આવે છે.જેથી પાઠશાળાની આ બહેનો વચ્ચે શ્લોક ગાન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન અને તેવીજ બીજી સ્પર્ધાઓ યોજાતી રહે છે. જેમાં ભાગ લેનારી અને વિજેતા

થનારી વિદ્યાર્થિનીઓને ઈનામો અને સર્ટીફિકેટ દ્વારા સન્માનિત કરી પ્રોત્સાહન આપવામાં આવે છે.

પાઠશાળા પ્રવૃત્તિને દસવર્ષ પૂર્ણ થતા દશાબ્દિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું, જેની સાથોસાથ પાઠશાળા પ્રવૃત્તિથી પ્રેરાયને સંજયભાઈએ લખેલા બે પુસ્તકો 'સ્વધર્મ' અને 'કૃષ્ણનો કર્મયોગ' નું અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિમોચન થયું. સંજયભાઈની આ લેખન પ્રવૃત્તિ આગળ વધતા 'કર્મનો કાયદો' પુસ્તકનું શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહના હસ્તે અને ત્યારબાદ 'શિવતત્ત્વ' પુસ્તકનું પૂ.મુરારિબાપુના હસ્તે વિમોચન થયું. જે સાથે પૂ.મુરારિબાપુની ઉપસ્થિતિમાં પાઠશાળા પ્રવૃત્તિનો વિસ્તાર કરવા નક્કી થયું. એ દિવસે તાલુકાની નવ શાળાઓને પાઠશાળા કીટનું પૂજ્ય બાપુના હસ્તે વિતરણ કરવામાં આવ્યું.

આજે ગીતા પાઠશાળા સંસ્થાન ગઢડા અંતર્ગત વીસ જેટલી વિવિધ શાળાઓમાં પાઠશાળાનો આરંભ થયેલ છે અને હજારો વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ આ પ્રવૃત્તિમાં જોડાયા છે. પાઠશાળાનો પ્રારંભ કરનારી દરેક સંસ્થા/શાળાને સંસ્થાન તરફથી વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે ભગવદ્‌ગીતાની કીટ ભેટ સ્વરૂપે અપાય છે.તેમજ સમયાંતરે યોજાતી વિવિધ સ્પર્ધા માટેના પ્રોત્સાહક ઈનામો અને સર્ટીફિકેટો પણ આપવામાં આવે છે.

ગીતા પાઠશાળા સંસ્થાન – ગઢડા એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે.આ ટ્રસ્ટ નીચે સ્વેચ્છાએ પાઠશાળા પ્રવૃત્તિમાં જોડાનાર શિક્ષકો તથા પુખ્તવયના વિદ્યાર્થીઓ/યુવકો અને નાગરિકોની આજીવન સભ્ય તરીકે નોંધણી પણ કરવામાં આવે છે.પાઠશાળા પ્રવૃત્તિના ચૌદ વર્ષના સમયગાળામાં અનેક દીકરા–દીકરી ઉજ્વળ સંસ્કારો અને ગીતાનું જ્ઞાન લઈને જીવનમાં ધન્યતા અનુભવી રહ્યા છે.ગીતા પાઠશાળા સંસ્થાન – ગઢડા આ પ્રવૃત્તિનો વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે રીતે ફેલાવવા પ્રયત્નશીલ છે.ભગવદ્‌ગીતાના જ્ઞાન/વિજ્ઞાનનો કોઈ પણ પ્રકારના ધાર્મિક,સાંપ્રદાયિક કે રૂઢિચુસ્તતા વગર પ્રચાર પ્રસાર પામે એ જ લક્ષ્ય સાથે ગીતા પાઠશાળા ગઢડા(સ્વા.) આગળ વધી રહી છે.

# ગીતા પાઠશાળા પ્રવૃત્તિથી શાળા અને વિદ્યાર્થીને થતા લાભ

હિંદુ શાસ્ત્રોમાં પ્રસ્થાનત્રયીમાં સ્થાન પામેલો ત્રણ પૈકીનો એક ગ્રંથ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા.ધાર્મિક દ્રષ્ટિએ ગીતાજીનું મહાત્મ્ય તો આપણે સાંભળતા જ આવ્યા છીએ પરંતુ આ મહાત્મ્ય આટલા પૂરતું જ સિમિત નથી.તેના બીજા પણ ઘણા ફાયદાઓ છે.આજે શાળા અને કોલેજમાં શિસ્તને લગતા ઘણા પ્રશ્નો શિક્ષણને બગાડી રહયાં છે.કોલેજોમાં રેગીંગ સંબંધિત એફીડેવીટો લેવામાં આવે છે.ઘણી શાળા અને કોલેજોમાં વિદ્યાર્થી સંગઠનો રાષ્ટ્ર વિરોધી નારા લગાડતા પણ જોવામાં આવે છે.આવી સ્થિતિમાં શાળા અને કોલેજોને સાચી શિસ્ત અને રાષ્ટ્રભકિતના પાઠ ભણાવવા માટે આપણી પાસેના મોજૂદ શિક્ષણમાં કોઈજ ઉપાય નથી. પરિણામ સ્વરૂપ આવા પ્રશ્નો દેશનું વાતાવરણ ડહોળી રહયાં છે અનેઆપણે લાચાર છીએ.

આજની વિષય શિક્ષણવાળી અંગ્રેજી પધ્ધતિથીચાલતી શાળાઓમાં જયારે કોઈ પ્રશ્નો બહાર આવે છે ત્યારે મિડિયાવાળા તેનો જોરશોરથી પ્રચાર પ્રસાર કરે છે,સત્તા સ્થાને બેઠેલા નેતાઓ આશ્વાસન આપે છે અને સ્કૂલ મેનેજમેન્ટ વાળાઓ નવા નિયમો બનાવવાની વાત કરીને આખર વાતનો બંધ વાળે છે.પરંતુ મૂળ પ્રશ્નો હલ થતાં નથી.આવા મૂળપ્રશ્નોને હલ કરવાની શકિત ભગવદ્ગીતામાં રહેલી છે.ભગવદ્ગીતાની પાઠશાળા શાળા અને વિદ્યાર્થીને શું લાભ અપાવી શકે તેના પર અમે નીચેના મુદ્દાઓ તારવ્યા છે અને છેલ્લા ચૌદ વર્ષથી અમારી પાઠશાળા ચલાવતી શાળામાં પ્રત્યક્ષ અનુભવ્યા છે.આવો આપણે આ પાઠશાળા પ્રવૃત્તિના લાભોથી વાકેફ થઈએ.

(૧) વિદ્યાર્થીમાં સ્વયં શિસ્ત આવે છે.કોઈ એફીડેવીટ લઈને કે ભય બતાવીને પળાવવામાં આવતી શિસ્ત કરતાં સ્વયં શિસ્ત વધુ મહત્વની હોય છે.ખરેખર શિક્ષણ આવી સ્વયં શિસ્ત વગર સાચી રીતે પાંગરી શકતું જ નથી.ભગવદ્ ગીતાની એ તાકાત છે કે તેનો પાઠક વિદ્યાર્થી પોતાની જાત મર્યાદાથી કયારેય બહાર જતો નથી.જયાં ભગવદ્ ગીતાની પાઠશાળા પ્રવૃત્તિ ચાલે છે તે શાળા વિદ્યાર્થીને પ્રભુના મંદિર સમાન લાગે છે. જેથી શાળા પ્રત્યે તેનો સ્વયં શિસ્તનો અભિગમ અંતરથી આવે છે અને શાળાને વિદ્યાર્થીની સ્વયં શિસ્તનો લાભ મળે છે.

(૨) શાળા/કોલેજમાં વિષય શિક્ષણથી નૈતિક શિક્ષણ પ્રાપ્ત થતું નથી.વળી જયાં સુધી વિદ્યાર્થી નૈતિક શિક્ષણ પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી તે સમાજ અને શાળા માટે કોઈ કામનો નથી.શાળા કે કોલેજો પ્રભુના મંદિર જેવી અને સમાજ એક કુટુંબ ભાવનાવાળો'વસુધૈવ કુટુંબકમ્' બનાવવો હોય તો ભગવદ્ ગીતાનું જ્ઞાન જરુરી છે.જે પાઠશાળાના માધ્યમથી જ શકય છે.

(૩) ભગવદ્ ગીતા બહુ આયામિ જ્ઞાનવાળી એટલે કે મલ્ટીડાયમેન્શનલ નોલેઝેબલ પુસ્તિકા છે.તેમાં દુનિયાના જ્ઞાન વિજ્ઞાનના તમામ રહસ્યોને સંક્ષિપ્ત રીતે સમાવવામાં આવ્યા છે.જેથી એકજ નાની પુસ્તિકા જેવા ગ્રંથથી અન્ય જ્ઞાન વિજ્ઞાનનો પર્યાય સાથે મેળવતા રહીને ભારતનો સાચો સાંસ્કૃતિક વારસો સાચવી શકાય તેમ છે.

(૪) ઘણી શાળા/કોલેજોમાં વિદ્યાર્થીઓને અભ્યાસની યોગ્ય રૂચી જ રહી નથી.આ તો એવી વાત છે કે ભુખ વગરના માણસને ગમે તેટલું સુંદર ભોજન પિરસો પણ ભૂખના અભાવે તે ખાય શકતો નથી.તેવી જ રીતે અભ્યાસની રૂચી વગરના વિદ્યાર્થીઓ સારા શિક્ષકો પાસેથી પણ જ્ઞાન મેળવી શકતા નથી.જેથી શિક્ષકો સામે આજે વિદ્યાર્થીને ભણાવવા કરતા ભણતો કરવાની સમસ્યા વધુ છે.વિદ્યાર્થીમાં અભ્યાસની ભૂખ જગાડવા માટે વાંચન અને લેખનની પ્રવૃત્તિમાં રસ લેતો કરવો જરુરી હોય છે.પરંતુ અભ્યાસક્રમના ભારેખમ અને નિરસ વિષયો જોઈને વિદ્યાર્થીઓ તેનાથી દૂર ભાગે છે.પરિણામ સ્વરૂપ થોડી બહુ રૂચી જાગવાની બદલે તેનો અંત આવતો દેખાય છે.આવી પરિસ્થિતિમાં પાઠશાળામાં સમૂહ શ્લોકગાન, વકતૃત્વ, નિબંધ લેખન,પ્રશ્નોત્તરી જેવા નાના–નાના અને તેના અભ્યાસથી દૂર એવા હળવા કાર્યક્રમો મારફતે તેને વાંચન લેખનની પ્રવૃત્તિ સાથે રસપ્રદ રીતે જોડી શકાય છે.તેમજ અવાર–નવાર યોજાતા ઈનામ વિતરણ અને સર્ટીફીકેટથી વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરી શકાય છે.પાઠશાળાની આ પ્રવૃત્તિ અને પ્રોત્સાહન તેના અન્ય અભ્યાસને પણ ઉજાળે છે તેના અમો છેલ્લા ૧૪ વર્ષના પ્રત્યક્ષાદર્શી છીએ અને ત્રણ વખત માટે અમારી શાળાકં.ર.વિ.ગો.કન્યા વિદ્યાલયને જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ અપાવી શકયાં છીએ.

(૫) શાળા/કોલેજ કરીને બહાર આવતો આજનો વિદ્યાર્થી જો તેને સરકારી નોકરી ન મળે તો પોતાને બેરોજગાર સમજે છે અને ભણેલું શિક્ષણ તેને વ્યર્થ પ્રતિત થાય છે.જેથી વિદ્યાર્થી બેરોજગારની યાદીમાં નામ લખાવીને નોકરીની રાહ જોતો પ્રવૃત્તિહીન અને નિરસ થઈ જાય છે.સરકાર હાલ દયા ખાયને આવા બેરોજગારને ભથ્થુ આપવાનું વિચારી રહી છે.જે ખરેખર એક ઘાતક પગલું છે. કારણ કે કામ કર્યા વગર મળતા નાણા વ્યર્થ છે અને જે આવા નાણા મેળવે છે તેની આળસને પોષવા બરાબર છે.જો આવો વિદ્યાર્થી ભગવદ્ગીતાના પાઠ ભણ્યો હશે તો તે બેરોજગારી ભથ્થુ લેવા લાઈનમાં ઉભો નહીં રહે.પરંતુ પોતાને યોગ્ય કામ આપમેળે શોધી લેશે.

(૬) મનોબળ ખોઈ ચૂકેલા અર્જુને ભગવદ્ ગીતા સાંભળીને ફરી ગાંડીવ ધનુષ્ય પકડી લીધું હતું અને એવું મજબૂત મનોબળ પ્રાપ્ત કર્યુ હતું કે કૌરવોની અઢાર અક્ષોહીણી સેનાને અઢાર દિવસમાં પરાસ્ત કરીને અર્જુનના બાવડાના બળે પાંડવોએવિજયપ્રાપ્તકર્યોહતો.આજે યુવાનોમાં માનસિક હતાશા અને નિર્બળતાતેમનાઅંતરાત્માને કોરી ખાતી જોવા મળે છે. ત્યારે આવા યુવાનોને ફરી મનોબળવાળા કરવા ભગવદ્ ગીતા જેવો કોઈ સારો ઉપાય નથી.

(૭) વિદ્યાર્થી ભણી ગણીને સારી નોકરી મેળવી લે.ડોકટર કે એન્જીનિયર થઈ જાય.મહિને લાખો રુપિયા કમાતો થઈ જાય.પણ જો તેનામાં કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભાવના નહીં હોય તો તે ન તો તેના મા–બાપ અને કુટુંબના કામે આવશે કે ન તો રાષ્ટ્રના કામે આવશે.આજના યુવાનો મા–બાપને તરછોડી રહયાં છે અને રાષ્ટ્ર માટે જાણે કે તેમની કોઈ જવાબદારી જ ન હોય તેમ વર્તી રહયા છે.જેનું મુખ્ય કારણ કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભાવનાનો અભાવ છે.પરંતુ આવી કર્તવ્યનિષ્ઠા કે રાષ્ટ્રભાવના કયાંય વેચાતી નથી મળતી.તેની માટે "કર્તવ્યાનિતિ મે પાર્થ નિશ્ચિતં મત્ત ઉત્તમમ્" જેવી ઉદ્‌ઘોષણા જે ગ્રંથમાં થઈ છે તેવી ભગવદ્ ગીતાનો જ અભ્યાસ કરાવવો પડશે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના લાભો ગણાવવા તે ખરેખર આકાશના તારલાઓ ગણવા સમાન છે.આ ગ્રંથ માત્ર પુસ્તક નથી, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણની જીવતી જાગતી મધુર વાણી છે.પરંતુ આ બધા વિષયો લખવા કે બોલવાના નથી. પ્રત્યક્ષ અનુભવના છે.જેથી વધુ કંઈ નહીં કહેતા એટલું જ કહીએ છીએ કે વહેલીતકે આપની શાળા/કોલેજમાં ગીતા પાઠશાળાની શરુઆત કરી દો અને પાઠશાળાની મસ્તીના રંગે રંગાઈ જાઓ.

# શિક્ષકમિત્રો માટે પાઠશાળા પ્રવૃત્તિને રસાત્મક બનાવવાના ઉપાયો

પ્રથમ વર્ષના અભ્યાસક્રમની માર્ગદર્શિકા આપને પ્રાપ્ત થઈ.તેમાં દર્શાવેલ અભ્યાસક્રમના પ્રથમ,દ્વિતીય અને તૃતીય એમ જે જે અભ્યાસક્રમ પૂર્ણ થતાં જાય તેમ તેમ તે પૂરા થયેલા અભ્યાસક્રમની પરીક્ષાઓયોજવી.જેમાંનિબંધલેખન,વકતૃત્વ,શ્લોકગાન,શ્લોકપૂર્તિ, નાટયાત્મકસંવાદકેએકપાત્રીયઅભિનય,બહુવિકલ્પકસોટી,ભગવદ્ ગીતા આધારીત ચિત્ર સ્પર્ધા વિગેરે જેવી સ્પર્ધાઓ યોજી તેના ગુણોનું મૂલ્યાંકન કરી પાઠશાળાના વિદ્યાર્થીઓને પરિણામ આપવું અને વિજેતા થયેલ તથા ભાગ લેનાર વિદ્યાર્થીની યાદી ગીતાપાઠશાળા સંસ્થાન ગઢડા(સ્વા)ને મોકલી આપવી.જેથી આવા દરેક વિદ્યાર્થીઓ માટે યોગ્ય ઈનામ અને સર્ટીફિકેટની  અમો વ્યવસ્થા કરી શકીએ.

ઈનામ અને સર્ટીફિકેટથી પ્રોત્સાહિત થતાં વિદ્યાર્થીઓમાં પાઠશાળા પ્રવૃત્તિ માટે એક નવું જોમ આવે છે.પોતાની  પ્રવૃત્તિની કોઈએ કદર કરી છે તેવો તેમને અહેસાસ થાય છે અને એક નાનકડું એવું ઈનામ કે સર્ટીફિકેટ તેના જીવનમાં અમૂલ્ય સંસ્કારોનું સિંચન કરાવવામાં સહભાગી નિવડે છે.

આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના આયોજન માટે નિબંધ સ્પર્ધા,વકતૃત્વ સ્પર્ધાના મૂલ્યાંકન માટેના પોઈન્ટ,શ્લોકગાન સ્પર્ધાના મૂલ્યાંકન માટેના મુદ્દાઓ નીચે આપેલ છે.જે શિક્ષક મિત્રોને સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ આપવામાં ઉપયોગી બનશે

(૧) નિબંધ લેખનનું મૂલ્યાંકન :– વિષયવસ્તુની રજૂઆત તથા છણાવટ,વિષયવસ્તુની રજૂઆતનું સાતત્ય તથા ન્યાય,ભાષાશુધ્ધિ અને સમગ્ર છાપને લક્ષમાં લઈ ગુણાંકન કરવું.

(૨) વકતૃત્વ સ્પર્ધાનું મૂલ્યાંકન :– વિષયવસ્તુની રજૂઆત તથા છણાવટ,વિષય વસ્તુની રજૂઆતનું સાતત્ય,ભાષાશુધ્ધિ, ભાષાવિવેક અને વિનય તથા સમગ્ર છાપને લક્ષમાં લઈ ગુણાંકન કરવું.

(૩) શ્લોકગાનનું મૂલ્યાંકન :– ભાષાશુધ્ધિ,સ્પષ્ટઉચ્ચારો,રાગ અને આલાપ તથા સમગ્ર છાપને લક્ષમાં લઈ ગુણાંકન કરવું.

(૪) શ્લોકપૂર્તિનું મૂલ્યાંકન :– શ્લોકની સાચી પૂર્તિ ભાષા શુધ્ધિ,સ્પષ્ટ લખાણ તથા સમગ્ર છાપને લક્ષમાં લઈ ગુણાંકન કરવું.

(૫) નાટયાત્મક અને એકપાત્રીય અભિનયનું મૂલ્યાંકન :– પાત્રને ન્યાય,પાત્ર દીપિ ઉઠે તેવી રજૂઆત,છણાવટ,ન્યાય અને સમગ્ર છાપને લક્ષમાં લઈ ગુણાંકન કરવું.

(૬) બહુ વિકલ્પ કસોટીનું મૂલ્યાંકન :– પેપર જોવાની રીત મુજબ.

# ગીતા પાઠશાળાના ઉદ્દેશ્યો

(૧) વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ ભગવદ્‌ગીતાના સાચા જ્ઞાન / વિજ્ઞાનથી માહિતગાર થાય અને તેમના જીવનમાં ગીતાના પાવન જ્ઞાનનો પ્રકાશ પ્રજ્જવલે.

(૨) વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓના જીવનમાં નૈતિક તેમજ મૂલ્ય શિક્ષણનું સિંચન થાય.

(૩) ગીતાજી સંદર્ભે વિવિધ સ્પર્ધાઓ યોજીને વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓને ઈનામો અને સર્ટીફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે.

(૪) ગીતાજીના જ્ઞાન/વિજ્ઞાનની વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓના જીવનમાં વૃધ્ધિ થાય તે હેતુથી જ્ઞાનવર્ધક શિબિરોનું આયોજન કરવામાં આવે.

(૫) ધાર્મિકતા,રૂઢિચુસ્તતા,સાંપ્રદાયિકતા અને સંકુચિતતાઓ છોડીને ગીતાજીને અર્વાચીન,અર્થસભર બનાવીને વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓમાં લોકપ્રિય બનાવવા પ્રયાસો થાય.

(૬) વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓમાં આત્મવિશ્વાસ અને મનોબળ વધે તેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે.

(૭) ભગવદ્‌ગીતા સહ ભારતીય સંસ્કૃત સાહિત્યની સેવા અને તેનો પ્રચાર પ્રસાર થાય.

# ગીતા પાઠશાળા કેન્દ્રના અભ્યાસક્રમની કાર્યસૂચિ

(દર સપ્તાહે એક કલાક)

## પ્રથમ ચરણ

(૧) પુસ્તિકામાં આપવામાં આવેલ પ્રથમ ચરણના અભ્યાસક્રમનાં અગિયાર શ્લોકનું સાપ્તાહિક દિવસે ત્રણવાર માટે સમૂહમાં શ્લોકગાન.
(સૂચના : શ્લોક ગાન કરતા પહેલા શિક્ષકશ્રી તરફથી શ્લોકના સ્પષ્ટ ઉચ્ચારણ સમજાવી લેવા.
સમય :– આશરે વીસ થી પચિસ મિનિટ .

(૨) શ્લોકના ગુજરાતી ભાષાંતરનું ક્રમબધ્ધ વાંચન,અર્થોના સ્પષ્ટીકરણ સાથે.
સૂચના :– શિક્ષકશ્રીએ સરળતાપૂર્વક શ્લોકના અર્થ સમજાય તેવા પ્રયાસો કરવા.
સમય :– આશરે દસ થી પંદર મિનિટ

(૩) શ્લોકગાન અને ભાષાંતર, વાંચન ઉપરની પ્રશ્નોત્તરી અને વાર્તાલાપ
સમય :– આશરે દસ થી પંદર મિનિટ.

# નોંધ

(૧) સાપ્તાહિક એક દિવસ માટે ચાલતી પાઠશાળામાં ચાર વખત પ્રથમ ચરણના અગિયાર શ્લોક લીધા બાદ પ્રથમ ચરણના બીજા અગિયાર શ્લોકોને પ્રથમની જેમ જ અભ્યાસક્રમમાં લેવા.

(૨) પ્રથમ ચરણનાં કુલ બાવીસ શ્લોકોનો આઠ સપ્તાહમાં અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ શ્લોકગાન, વકતૃત્વ, નિબંધલેખન વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવી.

(૩) સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના મેળવેલ ગુણ સહિતની યાદી ગીતા પાઠશાળા સંસ્થાન – ગઢડાને મોકલી આપવી. જેથી સ્પર્ધકો માટે ઈનામ તથા સર્ટીફિકેટની યોગ્ય વ્યવસ્થા સંસ્થાન તરફથી થઈ શકે.

(૪) પ્રથમ ચરણના અભ્યાસ બાદ દ્વિતીય અને ત્યારબાદ તૃતીય અભ્યાસક્રમ હાથ ધરવાનો છે જેથી વર્ષાંતે સ્પર્ધકોને સન્માનવા તથા સારું પરર્ફોમન્સ કરનાર પાઠશાળાને ગીતા જયંતીના વિશેષ કાર્યક્રમ દરમ્યાન સન્માનિત અને પ્રોત્સાહિત કરી શકાય.

(૫) વિશેષ માર્ગદર્શન માટે ગીતા પાઠશાળા સંસ્થાન ગઢડાનો સંપર્ક કરવો.

# અભ્યાસ ક્રમ–પ્રથમ ચરણ

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्तराष्ट्रान् कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसम्पाते धनुरुद्यम्य पाण्डवः ॥ १-२०॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।
सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ १-२१॥
यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ॥ १-२२॥

અથ વ્યવસ્થિતાન્દૃષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્કપિધ્વજઃ ।
પ્રવૃત્તે શસ્ત્રસંપાતે ધનુરુદ્યમ્ય પાણ્ડવઃ ॥ ॥૨૦॥
હૃષીકેશં તદા વાક્યમિદમાહ મહીપતે ।
સેનયોરુભયોર્મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત ॥ ॥૨૧॥
યાવદેતાન્નિરિક્ષેઽહં યોદ્ધુકામાનવસ્થિતાન્ ।
કૈર્મયા સહ યોદ્ધવ્યમસ્મિન્ રણસમુદ્યમે ॥ ॥૨૨॥

**સંજય બોલ્યા :**

**હાથમાં ધનુષ્ય લઈને બાણ ચલાવવા તૈયાર થયેલા કપિધ્વજના ચિન્હવાળા રથમાં સવારથયેલા પાણ્ડુ પુત્ર અર્જુને ધૃતરાષ્ટ્રના પુત્રોની વ્યુહમાં ગોઠવાયેલી સેનાને જોઈને પોતાના રથનાસારથી એવા ભગવાન હષીકેશ શ્રીકૃષ્ણને કહયું કે હે અચ્યુત, મારો રથ બન્ને સેનાની મધ્યમાં સ્થાપિત કરો. જેથી મારે આ રણમેદાનમાં કોની કોની સામે યુધ્ધ કરવાનું છે તે હું જોઈ શકું.**

**(અધ્યાય–૧શ્લોક–૨૦,૨૧,૨૨)**

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥ १-२४॥
એવમુક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત ।
સેનયોરુભયોર્મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ॥ ॥૨૪॥

**સંજય બોલ્યા : હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર,એ પ્રમાણે ગુડાકેશ અર્જુને હષીકેશ શ્રીકૃષ્ણને કહેતા ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનના ઉતમ રથને બન્ને સેનાની મધ્યમાં ઉભો રાખી દીધો. (શ્લોક—૨૪)**

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥ १-२५॥
ભીષ્મદ્રોણપ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।
ઉવાચ પાર્થ પશ્યૈતાન્સમવેતાન્કુરૂનિતિ ॥ ॥૨૫॥

**જેમાં ભીષ્મ, દ્રોણ જેવા પ્રમુખ યોધ્ધાઓની સાથે મોટા મોટા રાજાઓ ઉભા હતા તેવી સેનાને બતાવતા શ્રીકૃષ્ણએ કહયું હે પાર્થ આ કૌરવો માટે એકત્રિત થયેલી સેનાને તું જોઈ લે. (શ્લોક—૨૫)**

अर्जुन उवाच ।

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥१-२८॥
દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ॥

સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ|||૨૮||

**અર્જુન બોલ્યા : હે કૃષ્ણ, મારા જ સ્વજનોને મારી સામે યુધ્ધ કરવા ઉપસ્થિત થયેલા જોઈને મારા ગાત્રો કંપે છે અને મારું મોઢું પણ સુકાઈ રહયું છે. (શ્લોક–૨૮)**

वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ।
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ॥ १–२९॥

ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ત્વક્ચૈવ પરિદહ્યતે |
વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે || ||૨૯||

**મારા સમગ્ર શરીરમાં કંપ અને રોમાંચ થઈ રહયો છે અને મારી ત્વચા બળતી હોય તેવું લાગી રહયું હોવાથી હવે મારું ગાંડીવ ધનુષ્ય પણ મારા હાથમાંથી સરી રહયું છે. (શ્લોક–૨૯)**

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ।
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥ १–३४॥

આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્તથૈવ ચ પિતામહાઃ |
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સંબન્ધિનસ્તથા |||૩૮||

**મારી સામે મારા ગુરૂજનો, પિતાતુલ્ય વડીલો, પિતામહ અને મારા પુત્ર સમાન યુવાનો, માતૃપક્ષના અને શ્વસુર પક્ષના સંબંધીઓ, પૌત્રો અને સાળાઓ આ યુધ્ધમાં સામે ઉભેલા છે. (શ્લોક–૩૪)**

तस्मान्नार्हा वयं हन्तुं धार्तराष्ट्रान्स्वबान्धवान् ।

स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ॥ १–३७॥
તસ્માન્નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્સ્વબાન્ધવાન્ ।
સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ ॥ ॥૩૭॥

**હે માધવ, આ બધા ધૃતરાષ્ટ્રના પુત્રો સહિતના મારા સગા,સ્નેહી અને બાંધવો હોય, તેવા સ્વજનોની હત્યા કરીને હું કેમ સુખી થઈ શકું ? (શ્લોક–૩૭)**

सञ्जय उवाच ।

एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥ १–४७॥
એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ ॥ ॥૪૭॥

**સંજય બોલ્યા : એમ કહીને અર્જુન શોકગ્રસ્ત માનસવાળો થઈને પોતાના ધનુષ્ય બાણને એક બાજુએ મૂકી રથમાં બેસી ગયો. (શ્લોક–૪૭)**

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥ २–१॥

તં તથા કૃપયાવિષ્ટમશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ ।

વિષીદન્તમિદં વાક્યમુવાચ મધુસૂદનઃ || ૧ ||

એ રીતે ખેદ કરતા અશ્રુ ભરેલી આંખો વાળા અર્જુનને મધુસૂદન શ્રીકૃષ્ણએ આ વાકયો કહયાં.(૨–૧)

श्रीभगवानुवाच ।

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २- २॥
क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ॥ २–३॥

કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ |
અનાર્યજુષ્ટમસ્વર્ગ્યમકીર્તિકરમર્જુન || ૨ ||
ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ નૈતત્ત્વય્યુપપદ્યતે |
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ || ૩ ||

શ્રીકૃષ્ણ બોલ્યા : હે અર્જુન,આર્યને શોભે નહીં તેવો,શુભ ગતિનો વિરોધી અને અપકીર્તિ કરાવનારો આ કેવો મલીન દોષ તને આ યુધ્ધના વિષમ સમયે ઉપસ્થિત થયો છે.હે પાર્થ,તું આ નપુંસકતાને વશ ન થા,તે તને શોભે તેવી નથી.જેથી હે પરંતપ,હદયની દુર્બળતાને ત્યજી દઈને યુધ્ધ માટે ઉભો થઈ જા.(૨–૨,૩)

अर्जुन उवाच ।

कथं भीष्ममहं सङ्ख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥ २–४॥
કથં ભીષ્મમહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન ।
ઇષુભિઃ પ્રતિ યોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન ।। ૪ ।।

**અર્જુન બોલ્યા : હે મધુસૂદન,ભીષ્મ,દ્રોણ જેવા પૂજનીય મહાનુભાવો જયારે યુધ્ધમાં સામે પક્ષે ઉભા છે ત્યારે આ રણમેદાનમાં તેમના પ્રત્યેના પૂજનીય ભાવ સાથે હું તેમનો સામનો કેમ કરી શકીશ? (૨–૪)**

गुरूनहत्वा हि महानुभावान्
श्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ।
हत्वार्थकामांस्तु गुरूनिहैव
भुञ्जीय भोगान् रुधिरप्रदिग्धान् ॥ २–५॥
ગુરૂનહત્વા હિ મહાનુભાવાન્
શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે ।
હત્વાર્થકામાંસ્તુ ગુરૂનિહૈવ
ભુઞ્જીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ।। ૫ ।।

**ગુરૂજનો જેવા મહાનુભાવોની હત્યા કરીને તેમના લોહીથી ખરડાયેલા રાજય સંપતિના ભોગોને ભોગવવા કરતા તો ભિક્ષુક બનીને ભીખ માંગીને જીવન ગુજારવું હું સારૂ સમજું છું. (૨–૫)**

न चैतद्विद्मः कतरन्नो गरीयो

यद्वा जयेम यदि वा नो जयेयुः ।
यानेव हत्वा न जिजीविषामस्-
तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः
ન ચૈતદ્વિદ્મઃ કતરન્નો ગરીયો
યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ।
યાનેવ હત્વા ન જિજીવિષામ-
સ્તેવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ ॥ ૬ ॥

**હું તો એ પણ નથી જાણતો કે અમે આ યુધ્ધમાં જીતીએ તે સારું છે કે હારીએ એ સારું છે.કારણ કે આ યુધ્ધમાં જેને મારીને અમે જીવવા પણનથી માંગતા તેવા ધૃતરાષ્ટ્રના પુત્રો અમારી સામે યુધ્ધ માટે ઉભા છે.(૨–૬)**

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥ २–७॥

કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ

પૃચ્છામિ ત્વાં ધર્મસમ્મૂઢચેતાઃ|
યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે
શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ || ૭ ||

**લોભ દોષવાળા સ્વભાવથી બગડેલા માનસવાળો અને મારા ધર્મના વિષયમાં સંમૂઢચિત થયેલો હું આપને પ્રશ્ન કરું છું કે મારા માટે જે શ્રેય હોય તે આપ મને કહો.હું આપનો શિષ્ય થઈને આપને શરણે આવ્યો છું.આપ મને શિક્ષા આપો.(૨–૭)**

श्रीभगवानुवाच ।

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ २–११॥
અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે |
ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ || ૧૧ ||

**ભગવાન બોલ્યા : હે અર્જુન,તુ ન શોક કરવા યોગ્યનો શોક કરે છો અને પાછો પંડીતો જેવી ભાષા બોલે છો.પંડીતો અને વિદવાનો જીવતા કે મરેલાનો શોક કરતા નથી.(૨–૧૧)**

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥ २–१२॥
ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ |

ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્ ॥ ૧૨ ॥

એવું નથી કે કયારેય તું ન હતો,એવું નથી કે કયારેય હું ન હતો અને એવું પણ નથી આ સામે ઉભેલા રાજાઓ કયારેય ન હતાં.તેમજ એમ પણ નથી કે આપણે બધાં ભવિષ્યમાં નહીં હોઈએ.કારણ કે જીવાત્મા નિત્ય છે.(૨–૧૨)

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥ २–१३॥
દેહિનોસ્મિન્યથા દેહે કૌમારં યૌવનં જરા ।
તથા દેહાન્તરપ્રાપ્તિર્ધીરસ્તત્ર ન મુહ્યતિ ॥ ૧૩ ॥

જેમ જીવાત્માને આ જ દેહમાં બાળપણ,યુવાની અને વૃધ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે. એ જ રીતે એક દેહથી બીજા દેહની પ્રાપ્તિ થાય છે.ધીર પુરૂષ તેમાં મોહિત થતો નથી.(૨–૧૩)

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ॥ २–१४॥
માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણસુખદુઃખદાઃ ।
આગમાપાયિનોઽનિત્યાસ્તાંસ્તિતિક્ષસ્વ ભારત ॥ ૧૪ ॥

હે કુંતિપુત્ર,ઈન્દ્રિયો અને વિષયોના સંયોગથી આવવા–જવાના સ્વભાવવાળા ઠંડી–ગરમી તથા સુખ–દુઃખ તો ક્ષણભંગુર અને અનિત્ય છે.તેથી તું તેને સહન કરનારો સહનશીલ થા.(૨–૧૪)

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥ २-१५॥
યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ ।
સમદુઃખસુખં ધીરં સોऽમૃતત્વાય કલ્પતે ।। ૧૫ ।।

**હે પુરૂષશ્રેષ્ઠ,આવવા–જવાના સ્વભાવવાળા સુખ અને દુઃખને સમાન સમજીને જે ધીરપુરૂષ વ્યથિત થતો નથી એ જ અમૃતરૂપી તત્વ પામવા માટે યોગ્ય છે.(૨–૧૫)**

**<u>અભ્યાસક્રમ પ્રથમ ચરણ સંપૂર્ણ.</u>**

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥ २–१६॥
નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ |
ઉભયોરપિ દૃષ્ટોઽન્તસ્ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ || ૧૬ ||

**જે સત્ય છે તેનો કદી નાશ થતો નથી અને જે અસત્ય છે તે કદી ટકતું નથી. સત્ય અને અસત્ય વચ્ચે આ ભેદને તત્વદર્શી વિદવાનોએ પારખીને નકકી કર્યો છે.(૨–૧૬)**

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥ २–१७॥
અવિનાશિ તુ તદ્વિદ્ધિ યેન સર્વમિદં તતમ્ |
વિનાશમવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્કર્તુમર્હતિ || ૧૭ ||

**તું તેને અવિનાશી જાણ જે આ સમગ્ર શરીર અને ચેતનવંત જગતમાં વ્યાપ્ત છે. તે અવિનાશીનો વિનાશ કરવા કોઈ સમર્થ નથી.(૨–૧૭)**

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ॥ २–१८॥
અન્તવન્ત ઇમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ |

અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માદ્યુધ્યસ્વ ભારત || ૧૮

**અવિનાશી,અમાપ એવા જીવાત્માનો કદી નાશ થતો નથી.જેનો નાશ થાય છે તે માત્ર શરીર છે.જે દેહધારી આત્મા છે તે નાશને યોગ્ય નથી.જેથી હે ભારત,તું ઉભો થા અને યુધ્ધ કર. (૨–૧૮)**

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ॥ २–१९॥
ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ |
ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે || ૧૯ ||

**જે આ જીવાત્માને હણનારો સમજે છે અથવા હણાયેલો સમજે છે તે તો ખરા સત્યને જાણતો જ નથી.કારણ કે આત્મા ન હણનારો છે,ન કોઈથી હણાય છે. (૨–૧૯)**

न जायते म्रियते वा कदाचिन्
नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २–२०॥
ન જાયતે મ્રિયતે વા કદાચિ-
ન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ |
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો

ન હન્યતે હન્યમાને શરીરે || ૨૦||

આ જીવાત્મા ન કદી જન્મ પામે છે ન મૃત્યુ.જેના માટે હતો,હશે કે ફરીથી થનાર છે તેમ કહી શકાતું નથી.કારણ કે તે આત્મા અજન્મા, નિત્ય,શાશ્વત અને પુરાતન છે.જે શરીરના હણાવાથી હણાતો નથી. (૨–૨૦)

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।
कथं स पुरुषः पार्थ कं घातयति हन्ति कम् ॥ २–२१॥
વેદાવિનાશિનં નિત્યં ય એનમજમવ્યયમ્ |
કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ || ૨૧ ||

હે પાર્થ,આત્માને જે અવિનાશી,અજન્મા અને સર્વ વ્યાપક જાણે છે તે કોઈને કેવી રીતે હણી શકે કે હણાવી શકે ? (૨–૨૧)

वासांसि जीर्णानि यथा विहाय
नवानि गृह्णाति नरोऽपराणि ।
तथा शरीराणि विहाय जीर्णा–
न्यन्यानि संयाति नवानि देही ॥ २–२२॥
વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરોપરાણિ|
તથા શરીરાણિ વિહાય જીર્ણા

ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી || ૨૨ ||

**જેવી રીતે મનુષ્ય જૂના વસ્ત્રો ત્યજીને નવા વસ્ત્રો ધારણ કરે છે તેવી જ રીતે આત્મા જરાજીર્ણ શરીરો ત્યજીને નવા શરીરને ધારણ કરે છે. (૨–૨૨)**

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ २–२३॥
નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ |
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ || ૨૩ ||

**આ આત્મા શસ્ત્રોથી છેદાતો નથી,અગ્નિથી બાળી શકાતો નથી,પાણીથી ભીંજવી શકાતો નથી કે પવનથી સૂકવી શકાતો નથી.(૨–૨૩)**

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥ २–२४॥
અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ |
નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ || ૨૪ ||

**આ આત્મા અખંડ, અદાહય, અકલેદય, અશોષ્ય, નિત્ય, સર્વગત,સર્વત્ર વિદ્યમાન, અવિકારી, સ્થિર તથા સદા એકસમાન રહેનારો છે.(૨–૨૪)**

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।

तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥ २-२५॥
અવ્યક્તોऽયમચિન્ત્યોऽયમવિકાર્યોऽયમુચ્યતે |
તસ્માદેવં વિદિત્વૈનં નાનુશોચિતુમર્હસિ || ૨૫ ||

આ આત્મા અદ્રશ્ય,અચિંત્ય,અવિકારી છે.આવું જાણ્યા પછી તેનો જાણનાર તેના માટે શોક કરતો નથી. (૨–૨૫)

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।
तथापि त्वं महाबाहो नैवं शोचितुमर्हसि ॥ २-२६॥
અથ ચૈનં નિત્યજાતં નિત્યં વા મન્યસે મૃતમ્ |
તથાપિ ત્વં મહાબાહો નૈવં શોચિતુમર્હસિ || ૨૬ ||

જો તું આ આત્માને નિત્ય જન્મનારો અને મરનારો જાણતો હોય તો પણ હે મહાબાહો,તું એના માટે શોક કરવાને યોગ્ય નથી. (૨–૨૬)

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥ २-२७॥
જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુર્ધ્રુવં જન્મ મૃતસ્ય ચ |
તસ્માદપરિહાર્યેऽર્થે ન ત્વં શોચિતુમર્હસિ || ૨૭ ||

કારણ કે જે જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે અને જે મરે છે તેનો પુનર્જન્મ પણ નિશ્ચિત છે.આમ જે નિવારી શકાય તેમ નથી,તેના માટે તું શોક કરવાને યોગ્ય નથી. (૨–૨૭)

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।

अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥ २-२८॥
અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।
અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ।। ૨૮ ।।

**જે આરંભમાં અવ્યકત હતા,મધ્યમાં વ્યકત થયા છે અને અંતે પાછા નિધન પામીને અવ્યકત થવાના છે તેમનો શોક શા માટે? (૨-૨૮)**

आश्चर्यवत्पश्यति कश्चिदेन-
माश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २-२९॥
આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેન-
માશ્ચર્યવદ્વદતિ તથૈવ ચાન્યઃ ।
આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શૃણોતિ
શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્ ।। ૨૯ ।।

**આ આત્માને કોઈ આશ્ચર્યવત જૂએ છે,કોઈ આશ્ચર્યવત તેનું વર્ણન કરે છે તો કોઈ આશ્ચર્યવત થઈને તેને સાંભળે છે.તેમછતાં કોઈ તેને પૂર્ણરૂપે જાણતું નથી. (૨-૨૯)**

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।

तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥ २–३०॥

દેહી નિત્યમવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત |

તસ્માત્સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ || 30 ||

હે ભરતવંશી,દેહને ધારણ કરનારો આ દેહી આત્મા અવધ્ય છે.જેથી તેના અર્થે કોઈ જીવ માટે શોક કરવો યોગ્ય નથી.(૨–૩૦)

अथ चेत्त्वमिमं धर्म्यं सङ्ग्रामं न करिष्यसि ।

ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ॥ २–३३॥

અથ ચેત્ત્વમિમં ધર્મ્યં સંગ્રામં ન કરિષ્યસિ |

તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમવાપ્સ્યસિ || 33 ||

માટે જો તું યુધ્ધ કરવાના તારા સ્વધર્મનું પાલન નહીં કરે તો કર્તવ્યની ઉપેક્ષાનું તને પાપ લાગશે અને તારે યોધ્ધા તરીકેની કીર્તિ પણ ગુમાવવી પડશે.(૨–૩૩)

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ।

तस्मादुत्तिष्ठ कौन्तेय युद्धाय कृतनिश्चयः ॥ २–३७॥

હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ |

તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ || 37 ||

હે કુંતીપુત્ર, જો તું યુધ્ધમાં હણાઈશ તો તને સ્વર્ગની પ્રાપ્તિ થશે અને જો જીતીશ તો પૃથ્વિનું સામ્રાજય સુખ ભોગવીશ.માટે ઉઠ,ઉભો થા અને દૃઢ

નિશ્ચય પૂર્વક યુધ્ધ લડ.(૨–૩૭)

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥ २–३८॥
સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।
તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥ ૩૮ ॥

તું સુખ અને દુઃખ,લાભ અને હાની,જય અને પરાજયને સમાન માનીને તારા સ્વધર્મ ખાતર યુધ્ધ લડ.એ પ્રમાણે કરવાથી તું પાપનો ભાગીદાર કયારેય નહીં બને.(૨–૩૮)

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ २–४७॥
કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ ॥ ૪૭ ॥

તારો અધિકાર કર્મમાં છે તેના ફળમાં કદાપિ નહીં.તું તારી જાતને કર્મફળનો હેતુ ન બનાવ અને તારું કર્તવ્ય કર્મ નહીં કરવામાં પણ તારી આસકિત ન થવા દે.(૨–૪૭)

योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ।
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥ २–४८॥

યોગસ્થઃ કુરુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ધનંજય ।
સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે ॥ ૪૮ ॥

**હે ધનંજય,તું યોગસ્થ બનીને કર્મ કર.સફળતા કે અસફળતાને સમાન સમજીને કર્મફળની લાલચ છોડી દે.જયારે સફળતા કે અસફળતા પર સમાનત્વ પ્રાપ્ત થાય છે તે સમત્વ જ યોગ છે.(૨–૪૮)**

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥ २–४९॥
દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ધનંજય ।
બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥ ૪૯ ॥

**હે ધનંજય,આવા સમત્વરૂપ બુધ્ધિ યોગથી થનારા કર્મ સિવાયના બીજા બધાં કર્મોને છોડી દે.તું બુધ્ધિનું શરણ લે.કારણ કે કર્મના ફળનું શરણ લેનારા તો લોભી અને લાલચુ હોય છે.(૨–૪૯**

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ॥ २–५०॥
બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ।
તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્ ॥ ૫૦ ॥

**બુધ્ધિયુકત થઈને સુકૃત અને દુષ્કૃતને છોડી દે અને આ બુધ્ધિયોગની ઉપાસના કર. કારણ કે આખર યોગ જ સર્વ કર્મની કુશળતા છે.(૨–૫૦)**

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ॥ २–५१॥
કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણઃ ।
જન્મબન્ધવિનિર્મુક્તાઃ પદં ગચ્છન્ત્યનામયમ્ ॥ ૫૧ ॥

કર્મોને યુકત થયેલી બુધ્ધિ વડે કર અને મનોમય વાસનાઓથી સેવેલા ફળને છોડી દે. તેમ કરવાથી તું જન્મ–મરણના બંધનથી મુકત થઈને પરમ પદને પ્રાપ્ત થઈશ. (૨–૫૧)

**<u>અભ્યાસ ક્રમ</u>** દિવતીય **<u>ચરણ સંપૂર્ણ.</u>**

अर्जुन उवाच ।

स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥ २–५४॥

સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ ।
સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥ ૫૪ ॥

**અર્જુન બોલ્યા : હે કેશવ,જેણે અંતરઆત્મામાં સમાધાન પ્રાપ્ત કર્યુ છે તેવા સ્થિર બુધ્ધિવાળા કોને કહેવાય છે? તે કેમ રહે છે? કેમ બોલે છે? કેમ બેસે છે ? અને કેમ વર્તે છે.(૨–૫૪)**

श्रीभगवानुवाच ।

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥ २–५५॥

પ્રજહાતિ યદા કામાન્સર્વાન્પાર્થ મનોગતાન્ ।
આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે ॥ ૫૫ ॥

**ભગવાન બોલ્યા : મનોગત કામનાઓનો સંગ છોડીને જે પોતાના આત્મામાં આત્મથી જ સંતુષ્ટ થયો છે તેવો આત્મસંતુષ્ટ થયેલો મનુષ્ય સ્થિરબુધ્ધિવાળો કહેવાય છે.(૨–૫૫)**

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥ २–५६॥
દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।
વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥ ૫૬ ॥

જે દુઃખોથી ઉદવેગ પામતો નથી અને સુખોની જે સ્પૃહા રાખતો નથી તેવો રાગ,ભય અને ક્રોધથી મુકત થયેલો મુનિ સ્થિરબુધ્ધિવાળો કહેવાય છે.(૨–૫૬)

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २–५७॥
યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ ।
નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૫૭ ॥

જે સર્વત્ર આસકિત રહિત થઈને શુભ–અશુભને પ્રાપ્ત થયા છતાં પણ તેમાં શુભ પામીને હરખાતો થતો નથી કે અશુભ પામીને દવેષ કરતો નથી તેવા મનુષ્યની બુધ્ધિ સ્થિર થાય છે. (૨–૫૭)

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २–५८॥
યદા સંહરતે ચાયં કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૫૮ ॥

કાચબો જેમ પોતાના કોમળ અંગોને ખતરો જોતા તેની પીઠ પર રહેલી મજબૂત ઢાલમાં સંકોચી લે છે તે રીતે જયાં ઈન્દ્રિયો વિષયમાં ફસાતી લાગે ત્યાં મનુષ્યે ઈન્દ્રિયોને અંતર સંયમનીઢાલમાં સંકોચી લે તેની બુધ્ધિ સ્થિર થાય છે. (૨–૫૮)

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ २–५९॥
વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।
રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥ ૫૯ ॥

જે નિરાહાર રહે છે તેનો વિષય છુટે છે, પરંતુ તે વિષય પ્રત્યેનો રસ નથી છુટતો. જેથી ઈન્દ્રિય સંયમ જ સર્વસ્વ છે તેમ નહીં માનતા આત્મ દર્શનમાં જ ઉત્સુકતા રાખવી. (૨–૫૯)

यततो ह्यपि कौन्तेय पुरुषस्य विपश्चितः ।
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥ २–६०॥
યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।
ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥ ૬૦ ॥

સાથો સાથ ઈન્દ્રિયોના સંયમને પણ એટલું જ મહત્વ આપવું. કારણ કે ઈન્દ્રિયો યત્નશીલ મનુષ્યના મનને પણ પરાણે વિષયો તરફ ખેંચનારી છે. (૨–૬૦)

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २–६१॥
તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।
વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૬૧ ॥

ઈન્દ્રિયોનો સંયમ જાળવતા ધીર પુરૂષને ઈન્દ્રિયો વશ થવાના ફળ સ્વરૂપે બુધ્ધિની સ્થિરતા અવશ્ય પ્રાપ્ત થાય છે. (૨–૬૧)

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते ।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥ २–६२॥
ધ્યાયતો વિષયાન્પુંસઃ સઙ્ગસ્તેષૂપજાયતે ।
સઙ્ગાત્સંજાયતે કામઃ કામાત્ક્રોધોઽભિજાયતે ॥ ૬૨ ॥

જે આ રીતે નહીં કરતાં બુધ્ધિથી પણ કામનાનું ચિંત્વન કરતો રહે છે તેને કામનાના સંગથી આસકિત ઉત્પન્ન થાય છે અને આવા આસકત સંગથી કામ ઉત્પન્ન થાય છે અને પછી કામથીક્રોધ ઉત્પન્ન થાય છે. (૨–૬૨)

क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ २–६३॥
ક્રોધાદ્ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ ।
સ્મૃતિભ્રંશાદ્બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥ ૬૩ ॥

ક્રોધથી સંમોહન થાય છે.જે સંમોહનથી સ્મૃતિ ભ્રમ થાય છે અને સ્મૃતિ ભ્રમથી બુધ્ધિનોનાશ થાય છે.જયારે બુધ્ધિના નાશ સાથે વિનાશ સિવાય કાંઈ હાથમાં રહેતું નથી.(૨–૬૩)

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥ २–६४॥
રાગદ્વેષવિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ |
આત્મવશ્યૈર્વિધેયાત્મા પ્રસાદમધિગચ્છતિ || ૬૪ ||

જેથી ઈન્દ્રિયોના વિષયોમાં રહેલા રાગ અને દ્વેષમાં સ્થિર બુધ્ધિયુકત થઈને વિષયો ભોગવતો મનુષ્ય પણ આત્મબુધ્ધિની સ્થિરતા કેળવતો રહીને પરમ આનંદરૂપ પ્રસાદને પ્રાપ્ત થાય છે.(૨–૬૪)

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥ २–६५॥
પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે |
પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે || ૬૫ ||

આવા પ્રસાદને પ્રાપ્ત થયેલા મનુષ્યના તમામ દુઃખોનો નાશ થાય છે અને તેવા પ્રસન્ન ચિત વ્યકિતની બુધ્ધિ તુરત સ્થિરતામાં પ્રતિષ્ઠિત થાય છે.(૨–૬૫)

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥ २–६६॥
નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।
ન ચાભાવયતઃ શાન્તિરશાન્તસ્ય કુતઃ સુખમ્ ॥ ૬૬ ॥

**જે આવી સ્થિરબુધ્ધિયુકત નથી અને જેની ભાવનાઓ આવી બુધ્ધિયુકત નથી તેવા અભાવમાં કોઈ શાંતિ મળતી નથી અને જેને શાંતિ જ નથી તેને સુખ કયાંથી હોય શકે? (૨–૬૬)**

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥ २–६७॥
ઇન્દ્રિયાણાં હિ ચરતાં યન્મનોऽનુ વિધીયતે ।
તદસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમિવામ્ભસિ ॥ ૬૭ ॥

**જે ઈન્દ્રિયોના વિષયોમાં મનોવાંછિતપણે વિચરણ કર્યા કરે છે તેની પ્રજ્ઞા તે રીતે ભમે છે જે રીતે શઢ કે સુકાની વગરની નાવ સમુદ્રમાં વાયુના સહારે ભમતિ રહે છે. (૨–૬૭)**

तस्माद्यस्य महाबाहो निगृहीतानि सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥ २–६८॥
તસ્માદ્યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥ ૬૮ ॥

જેથી હે મહાબાહો,ઈન્દ્રિય,મન અને બુધ્ધિનો કામનાઓથી નિગ્રહ કરીને જે ઈન્દ્રિયો સાથે વર્તે છે તેને સ્વાધિન થયેલી ઈન્દ્રિયોના કારણે સ્થિર બુધ્ધિની પ્રાપ્તિ થાય છે.(૨–૬૮)

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ २–६९॥
યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥ ૬૯ ॥

જે સર્વ પંચ મહાભૂતને ધારણ કરતા પ્રાણીઓની રાત્રી છે તેમાં આત્મસંયમી પુરૂષ જાગે છે.જયારે સર્વ પંચ મહાભૂતને ધારણ કરતા પ્રાણીઓ જેમાં જાગે છે તેને જાગૃતિને પ્રાપ્ત થયેલો સંયમિ મુનિ રાત્રી સમાન જૂએ છે.(૨–૬૯)

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशन्ति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे
स शान्तिमाप्नोति न कामकामी ॥ २–७०॥
આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્ ।
તદ્વત્કામા યંપ્રવિશન્તિસર્વેસશાન્તિમાપ્નોતિનકામકામી॥૭૦॥

જેમ સમુદ્રમાં ચારે તરફથી નદીઓનો પ્રવેશ થવા છતાં સમુદ્ર સ્થિર રહે છે તેમ ઈન્દ્રિયોથી મનમાં આવતી વાસનાઓના અવિરત પ્રવાહ

વચ્ચે પણ જે પોતાની બુધ્ધિને સ્થિર રાખી શકે છે તે શાંતિને પ્રાપ્ત થાય છે.નહીં કે વાસનાઓની પાછળ ભાગનારા કામી મનુષ્યો. (૨–૭૦)

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥ २–७१॥
વિહાય કામાન્યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।
નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ ।। ૭૧ ।।

જે કામનાઓને છોડીને બધે જ નિસ્પૃહ બની વર્તે છે,જે મમતા રહિત અને અભિમાન રહિત છે એ જ શાંતિને પ્રાપ્ત થાય છે. (૨–૭૧)

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति ।
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥ २–७२॥
એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।
સ્થિત્વાસ્યામન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥ ૭૨ ॥

સ્થિર બુધ્ધિની આવી દશાને પ્રાપ્ત થયેલો વ્યકિત ફરીને મોહ પામતો નથી. તેમજ મરણ સમયે પણ જે આ અવસ્થામાં રહે છે તે બ્રમ્હનિર્વાણ રૂપ પરમપદને પ્રાપ્ત થાય છે. (૨–૭૨)

## અભ્યાસ ક્રમ તૃતીય ચરણ સંપૂર્ણ

## શ્રી સંજયભાઈ ઠાકર લિખિત ચાર પુસ્તકોનો સંક્ષિપ્ત પરિચય

ભગવદ્ગીતા પાઠશાળા પ્રવૃત્તિને વેગવંતિ બનાવવા પાઠશાળાના ઉપક્રમે શ્રી સંજયભાઈ ઠાકર દ્વારા અત્યાર સુધીમાં ચાર પુસ્તકો લખવામાં આવેલ છે.જેમાં 'સ્વધર્મ' અને 'કૃષ્ણનો કર્મયોગ'તા.૧૪/૧૨/૨૦૧૩ ના રોજ પૂ.જગદીશદાસ બાપુ સહિતના મહાનુભાવોનાહસ્તે જયારે 'કર્મનો કાયદો' તા.૧૦/૦૭/૨૦૧૬ના રોજ શિક્ષણમંત્રીશ્રી.ભૂપેન્દ્રસિંહજીના હસ્તે અને 'શિવતત્વ' તા.૪/૨/૨૦૧૭ના રોજ પૂ.મોરારિબાપુના હસ્તે વિમોચિત થયેલ છે.આ ચારેય પુસ્તકોથી પ્રાપ્ત થતી તમામ આવક સંજયભાઈએ ગીતા પાઠશાળા સંસ્થાનને સમર્પિત કરેલ છે,આવો આપણે આ ચારેય પુસ્તકોનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

'સ્વધર્મ' :– ભગવદ્ગીતાના પ્રસિધ્ધ સૂત્ર પૈકી ''સ્વધર્મે નિધનમ શ્રેય''નું સૂત્ર જીવનના વિવિધ સમયે અને વિવિધ પરિસ્થિતિમાં કયાં અને કેમ કામ લાગે છે તેની આ પુસ્તકમાં વિસ્તૃત રીતે છણાવટ કરવામાં આવી છે.સગા,સ્નહી અને સંબંધીઓ સાથે જે જીવન સ્નેહ અને આનંદનો મોકો આપે છે એ જ જીવન કયારેક વિવાદોના યુધ્ધમાં પણ ઉભા કરી દે છે.

અર્જુનનો પ્રશ્ન જ ત્યાંથી શરુ થાય છે કે મારા સગા,સ્નેહી,સંબંધી અને પિતામહ તથા ગુરૂજનોની સામે યુધ્ધ લડીને તેમની ઉપર જીવલેણ શસ્ત્ર પ્રહારો કેમ કરવા?એક તરફ સ્નેહ પ્રેમની વાત છે તો બીજી તરફ રણભૂમીનું મેદાન.વળી આ બન્નેનો સંગમ રચાયો છે.જેથી નિર્ણય કપરો છે.શૂરવીર હોય એવો માણસ જે દુનિયાભરની લડાઈઓ લડવાનો યોધ્ધો હોય,છતાં ઘરની લડાઈ લડવાની આવે ત્યારે ભાંગી પડે છે.કારણ કે સ્નહેપ્રેમ સાથે ઘર્ષણ અને યુધ્ધ જેવા નિર્ણયો લેવા અઘરા હોય છે.જીવનની વિવિધ પરિસ્થિતિમાં માણસને પોતાનો સ્વધર્મ કેવી રીતે ઉપયોગી નિવડે છે અને કેવી રીતે સ્વધર્મ મહાપાપથી બચાવે છે તેનું રસપ્રદ રીતે સંજયભાઈ ઠાકરની કલમે 'સ્વધર્મ' પુસ્તકમાં આલેખન કરવામાંઆવ્યું છે.૨૦૦ પેઝની પાકા પૂંઠાની આ બૂક અલગ–અલગ નાના પ્રકરણોમાં 'સ્વધર્મ'ની સાચી સમજણ આપી જાય તેવી અને રસપ્રદ દ્રષ્ટાંતોથી વાંચવી ગમે તેવી છે.જે ગીતા પાઠશાળા સંસ્થાન તરફથી ૨૦% કમિશન સાથે કુલ ૧૨૦/–ની કિંમતે ઉપલબ્ધ છે.

''કૃષ્ણનો કર્મયોગ'': કર્મયોગ એ ભગવદ્ગીતાની વિશિષ્ટ રજૂઆત છે.મનુષ્ય સતત અને અવિરતપણે કર્મમય જીવન જીવી રહયો છે.કર્મોથી જીવન એક ક્ષણની પણ ફુરસદ આપતું નથી. વળી મનુષ્ય કર્માસકત છે. મનુષ્યે કર્મોમા વિવિધ પ્રકારની તેમની કામનાઓ અને વાસનાઓ જોડી રાખી છે. જે કામનાપૂર્તિ માટે જીવનભર માણસ દુઃખ વેઠે છે. તેમ છતાં કામના પૂર્તિ થતી નથી.કર્મમાં કામના સેવીને ચાલતા મનુષ્યો સોનેરી સ્વપ્નો લઈને દુઃખના દરીયા ઉલેચતા જોવા મળે છે.પરંતુ અંતે હાથ કંઈ લાગતું નથી. જેથી જીવન દુઃખમય જ રહે છે.આવા સંજોગોમાં જીવનના કર્મોની અવિરત યાત્રા વચ્ચે માણસને કેમ સુખી બનાવી શકાય તેની ભગવદ્ગીતાના આધારે આ પુસ્તકમાં સુંદર ચર્ચાઓ કરવામાં આવી છે.

કૃષ્ણનો કર્મયોગ નામથી આ પુસ્તક જીવનના શારીરિક સ્તર,માનસિક સ્તર, બૌધ્ધિક સ્તર અને ભાવનાત્મક સ્તર એમ ચાર મુખ્ય વિભાગમાં વહેચવામાં આવ્યું છે.શરીર,મન,બુધ્ધિ અને ચિત્તના સ્તર ઉપર કર્મયોગ કઈ રીતે બની શકે તેની ગૂઢ રહસ્યમય ચર્ચા આ પુસ્તકમાં સમાવિષ્ટ છે.શારીરિક સ્તર પર આયુર્વેદના આધારે ઘણી સંદર ચર્ચા થઈ છે.માનસિક સ્તર પર મનોવિજ્ઞાન અને આધુનિક ઉદાહરણો સાથે મનના સંકલ્પ,વિકલ્પ અને નિર્વિકલ્પની સ્થિતિ પર રચાતા કર્મયોગની ચર્ચા સમાવિષ્ટ છે.બૌધ્ધિક સ્તર પર જાગૃત,સ્વપ્ન અને સુષુપ્તિની ત્રણ અવસ્થાથી પાર એવી ચોથી તુરીય અવસ્થાની પણ ચર્ચા થઈ છે.નિદ્રા પણ બુધ્ધિની એક વૃત્તિ હોવાના ઉલ્લેખ સાથે કુદરતી  નિદ્રા લાવવાના સરળ ઉપાયો પણ સૂચવવામાં આવ્યા છે.જયારે ભાવનાત્મક સ્તર પર ભાવ,અભાવ અને કુભાવની ત્રણ અવસ્થાઓસાથે ચિત્તની ભાવનાનું બેલેન્સીંગ કેમ થાય તેની ચર્ચા થઈછે.સમગ્ર પુસ્તક ભગવદ્‌ગીતાના'સમત્વં યોગ ઉચ્યતે'ના સૂત્ર ઉપર રચાયેલું છે.૧૭૮ પેઝની પાકા પૂઠાની આ બૂક અલગ–અલગ નાના પ્રકરણોમાં 'કર્મયોગ'ની સાચી સમજણ આપી જાય તેવી અને રસપ્રદ દ્રૃષ્ટાંતોથી વાંચવી ગમે તેવી છે.જે સંસ્થાન તરફથી ૨૦% કમિશન સાથે કુલ રુા.૧૨૦/–ની કિંમતે ઉપલબ્ધ છે.

કર્મનો કાયદો :– ભગવદ્ગીતા કહે છે "ગહના કર્મણો ગતિઃ" કર્મની ગતી અતિ ગહન છે.માણસ કયારે અને કયાં આ કર્મ માર્ગમાં ફસાય છે,દુઃખી થાય છે તેના કોઈ નિશ્ચિત ધોરણો આજ દિવસ સુધી મેળવી શકાયા નથી. આજે ખુશીનો કલબલાટ કરતો એક પરિવાર કાલે અકસ્માતથી નષ્ટપ્રાય થઈને શોકના રુદનમાં ગરકાવ થઈ શકે છે.તો કોઈ દુઃખીને કયારેક સુખ મળી જાય છે.આજ જેવી છે તેવી,પણ કાલ કેવી હશે તે અહીં કોઈ નથી જાણતું.

કર્મ શું છે?,ભાગ્ય શું છે?પાપીઓ ખુશ અને સજજનો દુઃખી કેમ છે? વિગેરે જેવા અનેક પ્રશ્નોની ભાવવાહી શૈલીમાં અને વિવિધ દ્રષ્ટાંતોથી રસપ્રદ રજૂઆત થઈ છે.પુસ્તક હાથમાં લીધા પછી વાંચતા–વાંચતા રાતના બે કેમ વાગી જાય છે તેની ખબર નથી પડતી તેવા વાંચકોના અભિપ્રાય આ પુસ્તક માટે મળેલ છે.કર્મના આવા આંટીઘુંટીવાળા માર્ગોની વિવિધ પ્રકરણો દવારા એટલી સુંદર અને રસપ્રદ ચર્ચા થઈ છે કે આ પુસ્તક ગુજરાતનું બેસ્ટ સેલર પુસ્તક જાહેર થઈશકયું છે. માતૃભારતી ડોટ કોમ જેવી પુસ્તકોની વેબસાઈટ પર આજે સાડા પાંચ હજારથી વધારે આ પુસ્તકના ફોલોવર્સ છે.પુસ્તકની પ્રથમ તમામ આવૃત્તિઓ ખલાસ થઈ ચૂકી છે જેથી હાલ આ પુસ્તક રીપ્રીન્ટમાં હોવાથી ઉપલબ્ધ નથી.પરંતુ ટૂંક સમયમાં આ પુસ્તક સંસ્થાન તરફથી અન્ય પુસ્તકોની જેમ જ વાચક વર્ગને આકર્ષક કમિશનથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

"શિવતત્ત્વ" :– તા.૪/૨/૧૭ના રોજ ગઢડા ખાતે પાંચહજાર માણસોની વિશાળ જનમેદની વચ્ચે પૂ.મોરારીબાપુએ આ પુસ્તકનું વિમોચન કરેલ અને પુસ્તકને બિરદાવેલ છે. ભારતની સંસ્કૃતિનો મૂળ આધાર ચાર વેદ છે.જે વેદોને સરળતાથી સમજાવવા પુરાણોની રચના થઈ છે.જેથી વિદવાનો કહે છે કે જે વેદોમાં તત્ત્વરૂપે છે તે પુરાણોમાં પાત્ર રૂપે છે.શિવ ભારતના પુરાણોનું આદિ–અનાદિ પાત્ર છે.જેને લઈને ભારતમાં હજારો કથાનકોની રચના થઈ છે. વિદવાન લોકોએ શિવ તત્ત્વની અભિવ્યકિત કરવા સારું પ્રયાસો કર્યા છે.તેવા શિવતત્ત્વને આ પુસ્તકમાં સંક્ષિપ્ત રીતે વર્ણવવામાં આવેલ છે.

શિવના વિવિધ સ્વરૂપો પાછળ રહેલા તત્ત્વમય બોધને ઉજાગર કરવાનો લેખકનો પ્રયાસ ખૂબજ સફળ થયેલો જોવા મળે છે. દરેક પ્રકરણના અંતે પ્રકરણના હાર્દ સમા પુરાણોકત સ્ત્રોત્રનાં શ્લોક મૂકવામાં આવેલ છે.તો બીજી તરફ આધુનિક વિજ્ઞાનની અણુ પરમાણુના સંશોધન સહિતની ચર્ચાનો પણ પુરાણો સાથે સુંદરપણે સમન્વય કરાયેલ જોવા મળે છે. કદમાં નાના એવા આ પુસ્તકમાં શિવનો અપાર મહિમા વર્ણવાયો છે.શિવ ભકતોએ આ પુસ્તકને ખૂબજ વખાણેલ છે. ૧૦૪ પેઝની આ બૂક અલગ–અલગ નાના પ્રકરણોમાં 'શિવતત્ત્વ'ની સાચી સમજણ આપી જાય તેવી અને રસપ્રદ દ્રષ્ટાંતોથી વાંચવી ગમે તેવી છે.જે ગીતા પાઠશાળા સંસ્થાન તરફથી ૨૦% કમિશન સાથે કુલ ૯૦/– ની કિંમતે ઉપલબ્ધ છે.

# ॥ જય શ્રી કૃષ્ણ ॥



# અગત્યની નોંધ

# અગત્યની નોંધ